વર્લ્ડ એટલાસની યાદીમાં સ્થાન પ્રાપ્ત થતાં

ધોળાવીરાની વૈશ્વિક સ્તરે નોંધ લેવાઈ

યાદીમાં વિશ્વભરની અજાયબીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો : આ યાદીમાં ગુજરાતનું ધોળાવીરા સહિત વિશ્વના અન્ય હેરિટેજ સ્થળોનો સમાવેશ



અમદાવાદ,તા.૨૫

ભૂગોળની માહિતી આપતી જાણીતી વેબસાઈટ વર્લ્ડએટલેસે તાજેતરમાં જ અજાયબીઓની યાદી જાહેર કરી છે. આ યાદીમાં ધોળાવીરાને વર્લ્ડ એટલાસ અજાયબીઓમાં સ્થાન મળ્યુ છે.આ યાદીમાં વિશ્વભરની અજાયબીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.ભૂગોળની માહિતી આપતી જાણીતી વેબસાઈટ વર્લ્ડએટલેસે તાજેતરમાં જ અજાયબીઓની યાદી જાહેર કરી છે. આ યાદીમાં ધોળાવીરાને વર્લ્ડ એટલાસ અજાયબીઓમાં સ્થાન મળ્યુ છે.આ યાદીમાં વિશ્વભરની અજાયબીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.આ યાદીમાં ગુજરાતનું ધોળાવીરા સહિત વિશ્વના અન્ય હેરિટેજ સ્થળોનો સમાવેશ થાય છે. જેમાં પાકિસ્તાનું મોહેંજો-દરો, ચીનની જાણીતી દિવાલનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ગ્રીસમાં આવેલુ ડાયોનિસસનું થિયેટરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. તેમજ મેક્સિકોમાં આવેલુ ઓલ્મેક કોલોસલ હેડ્સનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત ઈંગ્લેન્ડમાં આવેલુ સ્ટોનહેંજનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.ગુજરાતમાં ધોળાવીરા સિવાય પણ અન્ય હેરિટેજ સ્થળો આવેલા છે. આ સ્થળોમાં અમદાવાદ શહેરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.જ્યારે પાટણમાં આવેલી રાણકી વાવને પણ હેરિટેજ સાઈટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ચાંપાનેર અને પાવાગઢને પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

રખડતા ઢોર મુદ્દે સરકારની નવી ગાઈડલાઈન

રખડતા ઢોરોને નિયંત્રણમાં રાખવા માર્ગદર્શિકાનો ડ્રાફ્ટ તૈયાર કરવા ૧૦ સભ્યોની કમિટીને જવાબદારી સોંપાઈ હતી : રજીસ્ટ્રેશન વગરનાં ઢોરને જપ્ત કરવામાં આવશે

અમદાવાદ, તા.૨૫

રખડતા ઢોરના વધતા ત્રાસ અને હુમલાઓને લઈને ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઝાટકણી કાઢ્યા બાદ રાજ્ય સરકાર સફાળી જાગી હતી. હાઈકોર્ટે ૧૧ જુલાઈના અમદાવાદના બિસ્માર રોડ અને રખડતા ઢોર મુદ્દે સરકાર અને અમદાવાદ મહાપાલિકાની ઝાટકણી કાઢી હતી. હવે રાજ્ય સરકારે રખડતા ઢોરને લઈ મહાનગરપાલિકા તેમજ નગરપાલિકા વિસ્તાર માટે સરકારે માર્ગદર્શિકા જાહેર કરી છે. આ વિસ્તારોમાં રખડતા ઢોરનું રજીસ્ટ્રેશન પણ ફરજિયાત કરવામાં આવ્યું છે. રજીસ્ટ્રેશન વગરનાં ઢોરને જપ્ત કરવામાં આવશે. આ ઉપરાંત મહાનગરપાલિકા તેમજ નગરપાલિકાએ પશુઓમાં ટેગ લગાવવાની કામગીરી કરવી પડશે.પરમિશન માટે નિશ્ચિત ચાર્જ ભરવો પડશે. તો જાહેર રસ્તાઓ પર ઘાસ વેચાણ અને પશુઓને ઘાસ ખવડાવવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યા છે.

રખડતા ઢોરોને નિયંત્રણમાં રાખવા માટે માર્ગદર્શિકાનો ડ્રાફ્ટ તૈયાર કરવા ૧૦ સભ્યોની કમિટીને જવાબદારી સોંપાઈ હતી. તમામ પાસાઓના વિચારણાની અંતે રાજ્ય સરકારે રખડતા ઢોર માટે માટે એક કોમન માર્ગદર્શિકા જાહેર કરી છે. જેમા હવે મહાનગરપાલિકા ઉપરાંત નગરપાલિકાઓમાં ઢોરનું રજિસ્ટ્રેશન કરી લાયસન્સ ફરજિયાત બનાવાયુ છે. આ ઉપરાંત પશુઓની ઓળખ કરી શકાય તે માટે ચીપ અને ટેગ પણ લગાવવા પડશે.સરકારની નવી ગાઈડલાઈન અનુસાર, રોડ પર રખડતા ઢોરનું રજિસ્ટ્રેશન ફરજિયાત રહેશે અને જો રજિસ્ટ્રેશન નહીં કરવામાં આવે તો ઢોરને જપ્ત કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે. સરકાર દ્વારા રાજ્યના તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકાને પશુઓને ટેગ લગાવવાની કામગીરી કરવા માટેની સૂચના આપવામાં આવી છે. નવા નિયમો અનુસાર મનપા અને નપામાં ઢોર રાખવા માટે પશુપાલકે ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવું પડશે. લાયસન્સ અને નોંધણી પેટે સરકાર રૂપિયા ૭૫૦ ઉઘરાવશે. સાથે દર ૩ વર્ષે પશુઓના લાયસન્સ અને નોંધણી રીન્યુ કરવવા પડશે. તેમજ ઢોર રસ્તા પર રખડતા દેખાશે તો તેના માલિક પાસેથી ૧૦૦૦થી લઈ ૧૦૦૦૦ રૂપિયા સુધીનો દંડ વસૂલવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. જો પકડાયેલા પશુઓ માલિક નહિ છોડાવે તો દુધાળા પશુઓની હરાજી કરવામાં આવશે. પશુ પકડવાની ટીમમાં સ્થાનિક પોલીસનો સમાવેશ કરવામાં આવશે.

પશુ પકડવાની કામગીરીમાં અડચણ કરનાર સામે પણ પોલીસ કાર્યવાહી કરાશે. જે પશુ માલિકો પાસે જગ્યા નહિ હોય તેમને પશુઓ શહેરની બહાર લઈ જવા પડશે.રખડતાં પશુઓના માલિક સામે ફરિયાદ દાખલ કરવામાં આવશે. ગુજરાત સરકારે મહાનગર પાલિકા અને નગરપાલિકામાં રોડ-રસ્તા પર રખડતા ઢોર પકડાશે તો પશુમાલિકો પાસેથી દંડ વસૂલવાની જોગવાઈ કરવામાં આવે છે. ગાય-ભેંસ, વાછરડાં, ઘેટા,બકરા, ઘોડા,ગધેડા જેવા રખડતા પશુઓ માટે અલગ-અલગ દંડની રકમ નક્કી કરાઈ છે. જો ગાય, ભેંસ અને બળદ, ઘેટા, બકરા, ઘોડા, ગધેડા, ઉંટ, હાથી, ડુક્કર રખડતા પકડાય તો પશુમાલિક પાસેથી ૧૦૦૦ રૂપિયાથી લઈને ૧૦ હજાર રૂપિયાનો દંડ વસૂલવામાં આવશે. તેમજ જ્યાં સુધી તે સરકારી કબજામાં રહેશે ત્યારે દિવસ દીઠ ઘાસચારાના ૨૦૦ રૂપિયાથી લઈને ૧૦૦૦ રૂપિયા અને વહીવટી ચાર્જ પેટે ૨૦૦ રૂપિયાથી લઈને ૧૦૦૦ રૂપિયા ચાર્જ વસૂલવામાં આવશે.

પોલીસ કર્મચારી દ્વારા વેપારીનું અપહરણ કરી રૂા.૫૫ લાખની લૂંટ

અમદાવાદ,તા.૨૫

અમદાવાદમાં પોલીસ કર્મચારીએ જ વેપારીનું અપહરણ કરી ૫૫ લાખની લૂંટ ચલાવ્યાના આરોપ લાગતા પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. મળતી જાણકારી અનુસાર, ગોલ્ડન ટ્રિપ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના માલિક સંજયભાઈ પટેલે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે શહેરના સાબરમતી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારી આકાશ પટેલ અને તેના ચાર સાગરીતોએ અપહરણ કરી ૫૫ લાખ રૂપિયાની લૂંટ ચલાવી હતી. આકાશ પટેલ વિરુદ્ધ અપહણ, લૂંટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આકાશ પટેલ હાલમાં ફરાર છે. આ કેસમાં પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી હતી.

પોતાની ફરિયાદમાં સંજયભાઈ પટેલે કહ્યું હતું કે ૧૮ ઓગસ્ટના રોજ આકાશ પટેલ સહિત ચાર લોકોએ તેમનું અપહરણ કર્યું હતું અને ધમકી આપીને ૫૫ લાખ રૂપિયા લૂંટી લીધા હતા. જોકે બાદમાં આકાશ પટેલે ૩૦ લાખ રૂપિયા પરત કર્યા હતા જ્યારે ૨૫ લાખ રૂપિયા પાછા આપ્યા નહોતા. સાબરમતી પોલીસ સ્ટેશનમા ફરજ બજાવતા પોલીસ કર્મી આકાશ પટેલ અને તેના ચાર સાગરીતો સામે સોલા પોલીસ સ્ટેશનમા ગુનો નોંધાયો હતો. અગાઉ પણ આકાશ પટેલ સામે દિનેશ ઠક્કર નામના વેપારીએ આનંદનગર પોલીસ સ્ટેશનમા ફરિયાદ નોંધાવી છે. આકાશ પટેલે અગાઉ દિનેશ ઠક્કર પાસેથી કારની લે વેચના નામે રૂપિયા પડાવ્યા હતા. બીજી તરફ સુરતમાં પણ યુવકોને માર મારવાના કેસમાં પુણા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.કે.પટેલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પુણા વિસ્તારમાં ૩ યુવકને માર મારવાના કેસમાં પુણા જૈં એ.કે.પટેલને સસ્પેન્ડ કરાયા હતા. આ કેસની તપાસ સારોલી પીઆઈ દેસાઈને સોંપવામાં આવી છે. પીએસઆઈ એ.કે.પટેલ ઘટના વખતે પોઈન્ટ પર હાજર હતા. પુણા પોલીસના જે ૮ કર્મચારીઓએ ત્રણ યુવકોને માર માર્યો હતો તેઓના નામો હજુ સુધી સામે આવ્યા નથી. આઠ પોલીસ કર્મચારીઓને બચાવી લેવામાં આવ્યા હોય એવું હાલમાં લાગી રહ્યું છે. પોલીસે એફઆઈઆરમાં પણ પોલીસકર્મીના નામનો કોઈ ઉલ્લેખ કર્યો નથી. માધવબાગની સામે વ્રજ ભૂમિ એપાર્ટમેન્ટમાં રહેતા મનીષ જાજુ અને તેનો ભાઈ કૌશલ સરદાર માર્કેટથી સર્વિસ રોડ પરથી ઈન્ટરસીટી ખાડી પુલ પાસેથી પસાર થતા હતા તે વખતે પોલીસે અટકાવી માર માર્યો હતો. ઉપરાંત મોબાઈલમાં રેકોર્ડિંગ કરતા દેવેન્દ્રસિંહ રાજપુરોહિતને પણ માર માર્યો હતો.

રક્ષાબંધનના દિવસે એસટી દ્વારા ૫૦૦ બસો વધારાની મુકાશે

અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા ઉપરાંત મહત્વના બસ સ્ટેન્ડ પરથી સૌરાષ્ટ્ર તરફ મધ્ય ગુજરાત તરફ મુસાફરનો ધસારો વધારે

ગાંધીનગર,તા.૨૫

રક્ષાબંધનના તહેવારને લઈને ગુજરાત વાહન વ્યવહાર વિભાગ સજ્જ બન્યું છે. રક્ષાબંધનને લઈને વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. તહેવારને કારણે બસમાં ભીડને જોતા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે ૫૦૦ બસો રક્ષાબંધનના દિવસે વધારાની મુકવામાં આવશે.

જે રાજ્યભરમાં ૨૦૦૦થી વધુ ટ્રીપ લેશે. ગત વર્ષે રક્ષાબંધનના દિવસે ૪૦૦ બસોની ૧૫૦૦ ટ્રીપની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ વધારાની બસ ૨૮થી ૯ સપ્ટેમ્બર સુધી સેવા આપશે. આ સાથે જો કોઈ ગ્રુપ ફરવા માટે બુકીંગ કરાવશે તો તે માટેની પણ સુવિધા આપશે. રક્ષાબંધનના તહેવાર દરમિયાન વધારાની બસોના સંચાલન થકી એસટી નિગમ અંદાજે ૮૦ લાખથી વધુનો લક્ષ્યાંક રાખી રહ્યું છે. ગયા વર્ષે રક્ષાબંધનના તહેવાર દરમિયાન ૫૦૦ જેટલી વધારાની બસ થકી ૨૦૦૦ જેટલી ટ્રીપનું સંચાલન કરવામાં આવ્યું હતું. જેનાથી નિગમને ૮૦ લાખની આવક થઈ હતી.

મોટા શહેરો એટલે કે અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા ઉપરાંત મહત્વના બસ સ્ટેન્ડ પરથી સૌરાષ્ટ્ર તરફ મધ્ય ગુજરાત તરફ મુસાફરનો ધસારો વધારે જોવા મળતો હોય છે. ચાલુ વર્ષે રક્ષાબંધનના તહેવાર દરમિયાન રજાનો માહોલ છે. ત્યારે લોકો વતન તરફ પણ નાના-મોટા ફરવાના અથવા તો યાત્રાધામ જવા માટે એસ. ટી બસનો ઉપયોગ કરતા હોય છે.

દર વર્ષે શ્રાવણ પૂર્ણિમાના દિવસે રક્ષાબંધનનો શુભ તહેવાર ઉજવવામાં આવે છે. આ વર્ષે રક્ષાબંધન ૩૦ અને ૩૧ ઓગસ્ટ ૨૦૨૩ બંનેના રોજ ઉજવવામાં આવશે. હિન્દુ ધર્મમાં રક્ષાબંધન પર્વ પર શુભ મુહૂર્ત જોઈને જ ભાઈના કાંડા પર રાખડી બાંધવામાં આવે છે. રાખડી બાંધવી એ માત્ર એક રિવાજ નથી પણ ભાઈ અને બહેન વચ્ચેના અતૂટ સંબંધનું પ્રતીક છે.

ગુજરાત હાઈકોર્ટમાંથી રાહત ન મળતાં કેજરીવાલ સુપ્રીમમાં

ગુજરાત યુનિવર્સિટીના માનહાની કેસમાં કેજરી એક્શનમાં : સુપ્રીમની ડબલ બેંચ આજે કેસમાં સુનાવણી હાથ ધરશે

અમદાવાદ, તા.૨૫

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની રજૂઆત હતી કે, મેટ્રો કોર્ટ પર ચાલી રહેલા ટ્રાયલ સામે થોડો સમય સ્ટે આપવામાં આવે. રીવિઝન અરજી પર નિર્ણય આવે ત્યાં સુધી રાહત આપવામાં આવે. તાજેતરમાં કેજરીવાલની હાજર થવા માટેના સમન્સને પડકારતી અરજી પર હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં કેજરીવાલ અને સંજય સિંહને મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ હાજર થવા સમન્સ ઈશ્યુ થયુ હતું. ત્યાર બાદ પણ તેઓ હાજર નહોતા રહ્યાં પરંતુ હવે કેજરીવાલ સુપ્રીમ કોર્ટ પહોંચ્યાં છે. સુપ્રીમ કોર્ટની ડબલ બેંચ આજે આ કેસમાં સુનાવણી હાથ ધરશે. કોર્ટે કેજરીવાલની સ્ટે માટેની અરજીની સુનાવણી દરમિયાન સ્ટે આપવાનો ઈનકાર કર્યો હતો. હવે નીચલી કોર્ટમાં કેજરીવાલે હાજર રહેવું પડે એમ હતું પરંતુ તેઓ હાજર રહ્યાં નહોતા. સુનાવણી વખતે કોર્ટે કહ્યું હતું કે, તમે જ કોર્ટને બાહેંધરી આપી હતી કે હાજર રહેશો. કોર્ટ બોલાવે ત્યારે તમારે હાજર રહેવું જોઈએ. જ્યારે કેજરીવાલના વકીલે કહ્યું હતું કે, અગાઉ દિલ્લીમાં પૂરની સ્થિતિ હતી માટે હાજર રહી શક્યા ન હતા. જેની સામે હાઈકોર્ટે કહ્યું કે, હવે તો દિલ્હીમાં સ્થિતિ સામાન્ય છે. અરવિંદ કેજરીવાલના વકીલે અલગ-અલગ કોર્ટના ચુકાદા અને કેસો ટાંકતા હાઈકોર્ટે ટકોર કરી હતી. હાઈકોર્ટે કહ્યું હતું કે, તમે કોર્ટને મૂંઝવવા જોરદાર પ્રયાસો કરી રહ્યાં છો.

દુષ્કર્મ પીડિતાને ૨૬ સપ્તાહના ગર્ભના ગર્ભપાતની મંજૂરી

ગર્ભપાતને લઇને ગુજરાત હાઇકોર્ટનો નિર્ણય : સોલા સિવિલને વિશેષ સુવિધા ઉપલબ્ધ કરાવવાનો આપ્યો નિર્દેશ

અમદાવાદ,તા.૨૫

ગર્ભપાતને લઈ સુપ્રીમકોર્ટના અવલોકન બાદ ગુજરાત હાઈકોર્ટે મંજૂરી આપી છે. દુષ્કર્મ પીડિતાને ગર્ભપાતની ગુજરાત હાઈકોર્ટે મંજૂરી આપી છે. ૨૨ વર્ષની પીડિતાના ૨૬ સપ્તાહના ગર્ભને ગર્ભપાતની મંજૂરી આપી છે.

અત્રે જણાવી દઈએ કે, મેડિકલ બોર્ડના રિપોર્ટ બાદ ગુજરાત હાઈકોર્ટે મંજૂરી આપી છે. મેડિકલ રિપોર્ટમાં વિશેષ સુવિધા સાથે ગર્ભપાતની મંજૂરી આપવા ઉલ્લેખ કરાયો છે. રિપોર્ટના આધારે સોલા સિવિલ હોસ્પિટલને વિશેષ સુવિધા ઉપલબ્ધ કરાવવા ગુજરાત હાઈકોર્ટે નિર્દેશ આપ્યો છે. ૨૮મી ઓગસ્ટ સુધીમાં સોલા હોસ્પિટલમાં ગર્ભપાત કરાવવા મંજૂરી આપી છે.

અગાઉ સુરતની દુષ્કર્મ પીડિતાને હાઈકોર્ટે ૨૬ સપ્તાહનો ગર્ભપાત કરવાની મંજૂરી આપી હતી. યુવતી ગર્ભવતી થઈ ગઈ હોવાથી પરિવાર દ્વારા યુવતીનો ગર્ભપાત કરાવવા હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં ૨૩ વર્ષીય પીડિતા માનસિક અસ્થિર હોવાનો ઉલ્લેખ કરાયો હતો. ઉપરાંત અરજીમાં યુવતીના પિતાની પણ માનસિક સ્થિતિ સારી ન હોવાનો ઉલ્લેખ હતો.

૨૩ વર્ષીય પીડિતા પર પિતાના મિત્રએ દુષ્કર્મ આચર્યુ હતું. તેનાથી તેને ગર્ભ રહી ગયો હતો. હાઈકોર્ટે તબીબોના રિપોર્ટના આધારે સગીરના ગર્ભપાત કરાવવા મંજૂરી આપી હતી.

લોક અદાલત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વગેરે કેસને લગતા પેન્ડીંગ તેમજ પ્રિ લીટીગેશન કેસોનુ સુખદ સમાધાન કરવા ઈચ્છતા હોય તેમણે જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ તેમજ કલોલ માણસા, દહેગામ અને ગાંધીનગર ની કચેરીનો સંપર્ક કરવો જયારે ગાંધીનગર જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ સે-૧૧ ન્યાય મંદિર રૂમ નં -૧૦૧ ખાતે સંપર્ક કરવા પણ કાનુની સેવા સત્તા મંડળના સચિવે જણાંવ્યુ છે.

ચ-૦થી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પુર્વે ડસ્ટ ફ્રી તેમજ ડેકોરેટીવ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેને અનુલક્ષી આ રૂટમાં હાલ સાદી ફેન્સીંગ દુર કરી નવી ડિઝાઈનવાળી ફેન્સીંગ પણ નાંખવામાં આવશે. સલામતીના દ્રષ્ટિકોણથી ફેન્સીંગની કામગીરી હાથ ધરવામાં આવશે આ ઉપરાંત આસપાસના ધુળિયા વાતાવરણને દુર કરવા માટે ફુટપાથ નજીક સ્થિત ખુલ્લી જગ્યામાં વિદેશી પેટર્નની લોન પણ નિખારવામાં આવશે. અલબત્ત માટી ન ઉડે તે મુજબ હરિયાળી લોનનુ કામ હાથ ધરાશે. જયારે માર્ગ વચાળે ડિવાઈડરને અનુલક્ષીને પણ રંગબંરંગી ફુલો નિખરે તે મુજબ પ્લાન્ટેશન કરવામાં આવશે જેના લીધે સમગ્ર વિસ્તારનો નઝારો બદલાઈ જશે.

ટેન્ડર ભરાતા નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અળગા રહે છે. જેના લીધે ગાંધીનગર જિલ્લામાં રસ્તા અને બાંધકામ સહીતના વિવિધ કામો અટવાયા છે. જિલ્લા અને રાજયકક્ષાના કામો છેલ્લા એક મહીનાથી વિલંબમાં પડયા છે. કોન્ટ્રાકટર એસોસિએશન આ મામલે લડાયક મુડમાં છે જેના લીધે ભાવ વધારા અને જી એસ ટી ના મામલે પણ યોગ્ય નિર્ણય લેવાય તેવા મક્કમ નિર્ણય સાથે લડત આપી રહ્યુ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

સન્માન જરૂરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

વર્ષ ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં ભારતીય અને ચીની સેનાઓ વચ્ચે ઘર્ષણ થયા બાદ આ પીએમ મોદી અને શી જિનપિંગ વચ્ચે પ્રથમ મુલાકાત હતી. ઘર્ષણ બાદ બંને દેશો વચ્ચે સંબંધ તણાવપૂર્ણ છે.

બંને દેશોએ સરહદ મુદ્દાને ઉકેલલા માટે સૈન્ય સ્તરની વાતચીત કરી છે. વર્ષ ૨૦૧૯ બાદ પ્રથમવાર છે જ્યારે બ્રિક્સનું આયોજન આ પ્રકારે થયું છે.

ટીમને મળશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કહેવામાં આવી રહ્યું છે કે ઈસરોના વૈજ્ઞાનિકોને મળ્યા બાદ પીએમ દિલ્હી જવા રવાના થશે. દિલ્હી એરપોર્ટ પર પીએમ મોદીના સ્વાગતની તૈયારીઓ પણ કરવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૬ ઓગસ્ટે સવારે લગભગ ૧૧.૩૦ વાગ્યે દિલ્હીના પાલમ એરપોર્ટ પહોંચશે. ત્યાં બીજેપીના ઘણા વરિષ્ઠ નેતાઓ તેમનું સ્વાગત કરવા પહોંચશે. પીએમને આવકારવા માટે ઢોલ-નગારા સાથે સ્વાગત કરવાની તૈયારીઓ કરવામાં આવી છે. જણાવવામાં આવી રહ્યું છે કે દિલ્હી બીજેપીના ૧૦,૦૦૦થી વધુ કાર્યકર્તા પીએમને રિસીવ કરવા એરપોર્ટ પર પહોંચશે. ગ્રીસ પ્રવાસ બાદ વડાપ્રધાન મોદી દિલ્હી જવાને બદલે પહેલા બેંગલુરુ જશે અને ઈસરોના વૈજ્ઞાનિકોને અભિનંદન આપશે. ચંદ્રયાનના સફળ લેન્ડિંગ પર પીએમ મોદીએ કહ્યું, "જ્યારે આપણે આવી ઐતિહાસિક ક્ષણો જોઈએ છીએ, ત્યારે આપણને ખૂબ જ ગર્વ અનુભવાય છે. આ નવા ભારતની સવાર છે." તેમણે વધુમાં કહ્યું, "આપણે ધરતી પર સંકલ્પ કર્યો અને ચંદ્ર પર તેને સાકાર કર્યો હતો... ભારત હવે ચંદ્ર પર છે." આ અવકાશયાન ૧૪ જુલાઈના રોજ આંધ્રપ્રદેશના શ્રીહરિકોટામાં સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવ્યું હતું.

વડનગર એ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિશ્વમાં પ્રથમ નંબરે છે. ફોન ઉત્પાદનમાં ભારત વિશ્વમાં બીજા નંબરે છે. ભારત આજે અર્થવ્યવસ્થા ક્ષેત્રે વિશ્વમાં પાંચમા સ્થાને છે અને બહુ જ નજીકના ભવિષ્યમાં એ ત્રીજા સ્થાને આવી જશે. નરેન્દ્ર મોદીએ ભારતની એક વિશેષતા તરફ ધ્યાન દોરતા જણાવ્યુ હતુ કે આજે ડિજીટલ પેમેન્ટના ક્ષેત્રમાં ભારત વિશ્વમાં મોખરે છે. આનુ ઉદાહરણ ટાંકતા નરેન્દ્ર મોદીએ જણાવ્યુ હતુ કે ભારતમાં તમે કોઈ નાની એવુ દુકાને જઈ અને રૂ. ૧૦ના બિસ્કીટ ખરીદવા જાવ અને તમારી પાસે ખિસ્સામાં રોકડ રકમ ન હોય તો એટલી નાનકડી રકમ પણ તમે ડિજીટલ પેમેન્ટથી ચૂકવી સકોશો. આ ભારતની અનેરી સિદ્ધિ છે. ગ્રીસવાસીઓને ભારતમાં થયેલી પ્રગતીનો પૂરેપૂરો ચિતાર પોતાના પ્રવચનમાં નરેન્દ્ર મોદીએ આપ્યો હતો.

ઝાયડસ હોસ્પિટલ ખાતે એડલ્ટ વેક્સિનેશન ક્લિનિક શરૂ કરાયું

અમદાવાદ, તા.૨૫

૨૧મી સદી, પ્રતિકારક તબીબી ક્ષેત્રમાં એકંદરે થયેલ પ્રગતિની સાક્ષી રહી છે. રસીકરણથી વિવિધ રોગો સામે રક્ષણ મળી રહ્યું છે જયારે, પોલિયો અને શીતળા જેવા રોગોને ઘણાઅંશે દૂર કરવામાં સફળતા મળી છે. નિવારક દવાઓ ના ક્ષેત્રમાં થેયલ પ્રગતિથી, ખાસ કરીને, નાના બાળકોમાં રસીકરણથી રક્ષણ અને નવજાત શિશુના મૃત્યુદરમાં ઘટાડો જોવા મળ્યો છે. આધુનિક સમયની રસીઓ કડક ક્લિનિકલ ટ્રાયલ્સમાંથી પસાર થયેલ હોવાથી તે અગાઉની રસીઓ કરતાં વધુ અસરકારક અને સલામત છે; જે ફક્ત ન્યુમોકોકલ ન્યુમોનિયા, હેપેટાઈટિસ અને મેનિન્જાઈટિસ જેવા ચેપી રોગોના વિશાળ સ્પેક્ટ્રમને જ નહીં, પણ પેપિલોમાવાયરસથી સર્વાઈકલ કેન્સર (ગર્ભાશયના મુખ નું કેન્સર) જેવા બિન-ચેપી રોગો સામે પણ રક્ષણ આપે છે. કેટલીક રસીઓ હડકવા અને ટીટેનસ (ધનુર) જેવા સૂક્ષ્મજીવાણુંઓના સંપર્કમાં આવ્યા પછી પણ તેને રોકવામાં મદદ કરે છે.



ઝાયડસ નો એક મંત્ર છે "સર્વે ભવન્તુ સુખીન" દરેકનું સ્વાસ્થ્ય સારું રહે. તેથી જ ઝાયડસ દ્વારા વયસ્ક દર્દીઓમાં રસીકરણ વિશે જાગૃતિના અભાવને દૂર કરવા અને પુખ્ત રસીકરણમાં વધારો કરવાના ઉદ્દેશ્ય સાથે એડલ્ટ વેક્સિનેશન ક્લિનિકનો (છફઝ) પ્રારંભ કરવામાં આવ્યો છે. છફઝ મુખ્યત્વે પુખ્ત ઈમ્યુનાઈઝેશનમાં અવરોધોનો સામનો કરશે, અને કોમોર્બિડિટી, અદ્યતન ઉંમર, વ્યવસાયિક જોખમો અને જીવનશૈલી-સંબંધિત સમસ્યા ધરાવતા વ્યક્તિઓને પણ પ્રાથમિકતા આપશે.